# સંશોધન પેપર – ગુજરાતનું દેવું

ઝાપડિયા હરદિપ અશ્વિનભાઇ

Research Scholar

Department of Economics

Saurashtra University, Rajkot

**સારાંશ :-**

પ્રસ્તુત સંશોધન પેપરમાં ગુજરાતના દેવા અંગેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં રજૂ કરવામાં આવેલી આંકડાકીય માહિતીમાં વિશ્લેષણાત્મક અને ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતના દેવાની માહિતી વર્ષ 2006 થી 2019 સુધીમાં થયેલા ફેરફારો રજૂ કરવામાં આવ્યા છે.

**મહત્વના શબ્દો :-**

1. જાહેર દેવું :-

" કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા દ્વારા દેશના લોકો પાસેથી, વિદેશી લોકો કે સરકાર પાસેથી અને આંતરરાષ્ટીય સંસ્થાઓ પાસેથી જે લુણ/દેવું કરવામાં આવે છે તેને જાહેર દેવું કહેવામાં આવે છે."

**પ્રસ્તાવના :-**

કદાચ જ્યારથી જાહેર કરજની શરૂઆત થઈ ત્યારથી તે સમાજ માટે આશીર્વાદ છે કે એક પ્રકારનો શાપ છે તે અંગે ચર્ચા થતી આવી છે. આધુનિક સરકારોના કરજમાં જ્યારે ધરખમ વધારો થયો છે ત્યારે જાહેર કરજ આર્થિક બોજો છે કે નહીં એ પ્રશ્ન મહત્ત્વનો બની રહે છે.

VIDHYAYANA

સરકાર પોતાના ખર્ચને પહોંચી વળવા આવકના એક વધારાના સાધન તરીકે જાહેર દેવાનો ઉપયોગ કરે છે. સામાન્ય વાર્ષિક ખર્ચ ચાલુ આવકમાંથી જ કરવામાં આવે એવો આગ્રહ રાખવામાં આવે છે. પરંતુ વિશિષ્ટ પ્રકારના ખર્ચને પહોંચી વળવા માટે તથા આવક પ્રાપ્ત થવાને સમય લાગે તેમ હોય અને ખર્ચ કરવાનો હોય ત્યારે સરકાર દેવાનો આશ્રય લે છે.

**સંદર્ભ સાહિત્ય :-**

પ્રસ્તુત સંશોધન ની માહિતી ગુજરાત રાજ્ય સરકારના બજેટ વર્ષ 2006-07 થી 2018-19 માંથી લેવામાં આવી છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

**હેતુઓ :-**

ગુજરાત રાજ્યના દેવા અંગેનો અભ્યાસ કરવો.

જાહેર દેવાના પરિણામે અર્થતંત્ર પરની અસરોનો અભ્યાસ કરવો.

**સંશોધન પદ્ધતિ :-**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ તથા ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.


**પૃથક્કરણ અને અર્થઘટન :-**

ગુજરાત સમૃદ્ધ રાજ્ય ગણાતું હોવા છતાં રાજ્ય સરકારને વિકાસ કામો માટે મોટી રકમનું દેવું કરવું પડે છે. અને તે માટે હજારો રૂપિયાનું વ્યાજ ચૂકવવું પડે છે. પ્રસ્તુત આલેખમાં ગુજરાત સરકારનું દેવું વર્ષ 2006 થી 2019 સુધીની માહિતીનું કોષ્ઠક રજૂ કરવામાં આવી છે.

**કોષ્ઠક અને આલેખ દ્વારા રજૂઆત :-**

| વર્ષ | ગુજરાતનું દેવું (કરોડમાં) |
|---|---|
| 2006-07 | 10636.36 |
| 2007-08 | 10159.86 |
| 2008-09 | 10455.21 |
| 2009-10 | 14192.67 |
| 2010-11 | 17772.48 |
| 2011-12 | 21125.67 |
| 2012-13 | 22109.87 |
| 2013-14 | 26009.87 |
| 2014-15 | 24897.96 |

| | |
|---|---|
| 2015-16 | 24851.89 |
| 2016-17 | 29500.89 |
| 2017-18 | 33678.89 |
| 2018-19 | 36801.00 |
| 2019-2020 | 42001.00 (અંદાજીત) |




**કોષ્ઠક અને આલેખની સમજુતી :-**

પ્રસ્તુત આલેખમાં ગુજરાત રાજ્યના જાહેર દેવા અંગેની માહિતી રજૂ કરવામાં આવી છે. તેમાં વર્ષ 2006 થી 2020 સુધી ની માહિતી તથા આવનાર વર્ષ અંગેના અંદાજો દર્શાવવામાં આવ્યા છે. ગુજરાત સરકારનું દેવું સતત વધતું જાય છે. 2006-07માં ગુજરાત સરકારનું દેવું 10636.36 કરોડ હતું. જે 2007-08 માં 10159.86 કરોડ રહેવા પામ્યો છે. વર્ષ 2009 તેમજ 2010 માં પણ આ દેવું વધીને 14192.67 કરોડ થવા પામ્યું હતું. 2010-11 માં આ દેવું વધીને 17772.48 કરોડ થવા પામ્યું હતું. 2011-12 ના આંકડા જોઈએ તો 2010-11મી તુલનાએ 2011-12 માં ઘણો વધારો

નોંધાયો હતો જે 21125.87 કરોડ હતો.

આમ ૧૨મી પંચવર્ષીય યોજના દરમિયાન સરકારના ખર્ચમાં વધારો થતાં દેવુ વધવા પામ્યું હતું. બારમી પંચવર્ષીય યોજના 2012 થી 2017 સુધી જાહેર દેવામાં ઘણો વધારો જોવા મળ્યો છે. જેમાં 2012-13 માં જાહેર દેવુ 22109.87 કરોડ હતું. જે 2013-14માં 26009.87 કરોડ જેટલું વધવા પામ્યું છે. અને ત્યારબાદ નું વર્ષ 2014-15 માં જાહેર દેવું વર્ષ 2013-14 એ તુલનાએ ઘણું વધવા પામ્યું હતું. તે 24897.96 કરોડ વધવા પામ્યું હતું.

વર્ષ 2015-16 થી વર્ષ 2019 નો સમયગાળો ગુજરાત રાજ્ય માટે ખૂબ જ ખરાબ સમય મનાય છે, કારણ કે તે સમયગાળા દરમિયાન જાહેર દેવુ ખૂબ જ વધવા પામ્યું છે. વર્ષ 2015-16 માં જાહેર દેવું 24851.89 કરોડ હતું તેમાં ઘણો વધારો થતાં તે વર્ષ 2016-17 દરમિયાન 29500.89 કરોડ વધવા પામ્યું હતું. જે ખૂબ જ વધારો દર્શાવે છે. ત્યારબાદના વર્ષોમાં જાહેર દેવું ખૂબ જ વધતા અંતે વર્ષ 2018-19 દરમિયાન 36801.00 કરોડ થવા પામ્યું છે. આવનાર વર્ષ 2019-20 ના આગામી અંદાજ મુજબ દેવું વધીને 42001.00 કરોડ થશે જે ખૂબ જ વધુ છે.

**તારણો :-**

1. જાહેર દેવાને કારણે રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષથી વિકાસદર ઘટી ગયો હોવાનું જાણવા મળ્યું છે
2. સરકારના વિકાસલક્ષી ખર્ચમાં ઘટાડો થયો છે અને બીનવિકાસલક્ષી ખર્ચમાં વધારો થયો હોવાથી ભૌતિક લક્ષ્યાંકો સિદ્ધ નહીં થવા સાથે છેવાડાના માનવી સુધી લાભ પહોંચ્યા નથી.
3. કૃષિક્ષેત્ર 13.9 ટકા આરોગ્યમાં 4.5% ગ્રામીણ વિકાસમાં 3% અન્ય વિવિધ ક્ષેત્રે વિકાસ માત્ર ત્રણથી ૭ ટકા રહેવા સાથે સમગ્ર દેશમાં ગુજરાતનું સ્થાન નંબર વન ના બદલે ત્રણથી પંદર નંબર ઉપર પહોંચી ગયું છે
4. દિશાવિહીન વહીવટના કારણે રાજ્યના દરેક વર્ગ અને સમાજની પ્રજાએ 1000 સમસ્યાઓનુ સમાધાન કરવું પડ્યું છે.

**સંદર્ભગ્રંથો :-**

Ministry of Finance. Govt. of India http://finmin.nic.in/

Bhatt.M. Theories of public finance. University Granth Nirman board. Ahmedabad.

World Bank (2014) International Dept Statistics 2013

http://data.worldbank.org/sites/default/files/ids-2013.pdg

Economic survey 2011.Govt. of India. Oxford Publications, New Delhi.

---